SMALL BUSINESS
ENTERPRISE CENTRE
SBEC BRAMPTON
www.brampton-business.com
33 Queen St. West, બ્રેમટન, Brampton, ON L6Y 1L9
ફોન: 905-874-2650 ફેક્સ: 905-874-2670

# ગૃહ વ્યવસાય હકિકતોનું પાનુ

**સીટી ઓફ બ્રેમટન માટે ભાગે નીચે મુજબનાને ગૃહ વ્યવસાયની વ્યાખ્યાઓ તરીકે સ્વીકારે છે.**

1. ગૃહ વ્યવસાય ફક્ત એકજ પરિવારના અલગ રહેઠાણમાં નીચે મુજબની જરૂરિયાતો અને પ્રતિબંધો પર આધારિત ચાલુ રાખી શકાય:

(a) તે ફક્ત રહેઠાણમાં રહેનાર કે ત્યાં રહેતા તેના પરિવારના સભ્યો દ્વારા જ ચલાવાતો હોય છે;

(b) ગૃહ વ્યવસાય એ રહેઠાણ માટે એક ખાનગી રહેઠાણની તુલનામાં ગૌણ છે, અને ભોંયતળિયુ કે ભોંયરુ છોડીને રહેઠાણના રહેવાના માળના કુલ વિસ્તારના ૧૫ ટકાથી વધારે રોકાણ કરતો નથી;

(c) ગૃહ વ્યવસાય વધારાના મકાનમાં અથવા અંગત ગેરેજમાં ચલાવી શકાય;

(d) એક ખાનગી રહેઠાણ તરીકે રહેઠાણની બાહ્ય સિકલમાં કોઈ ફેરફાર નથી હોતો;

(e) એ સ્થળ પર ઉત્પાદન થયેલ સિવાય કોઈ સામાન, માલ કે વેચાઉ માલ, વેચાણ માટે અપાતો કે પ્રદર્શિત થતો અથવા વેચવા માટે મૂકાતો નથી;

(f) ગૃહ વ્યવસાયના ઉપયોગને લગતી કોઈ વસ્તુઓ, સામાન કે વાહનોનો સંગ્રહ બહારની બાજુએ નથી.

(g) ત્યાં રહેતા પરિવારના સભ્યો સિવાય, એકથી વધુ વ્યક્તિ ગૃહ વ્યવસાય સંબંધિત એ સ્થળ પર નોકરીએ રખાયેલ નથી;

(h) એક નિશાનીની પરવાનગી છે જે મકાનને સંલગ્ન હશે અને વિસ્તારમાં ૦.૧૫ ચોરસ મીટરથી વધારે નહીં હશે;

(i) એક રહેઠાણમાં એકથી વધારે ગૃહ વ્યવસાયની પરવાનગી અપાશે નહીં; અને,

(j) નીચે મુજબનાની એક ગૃહ વ્યવસાય તરીકે પરવાનગી મળશે નહીં:

બીજી બાજુ પર..,

(i) મોટર વાહનો કે આંતરિક જ્વલન એન્જીનોની મરમ્મત અથવા સમારકામ; અને

(ii) કોઈ પણ ઉપયોગ, જે તેની ક્રિયાની પ્રકૃતિથી ઉપદ્રવ ઉત્પન્ન કરે અથવા ઉત્પન્ન કરવા માટે જવાબદાર હોય, કે જે અવાજ, કંપન, ગેસ, ધૂમાડો, ધૂળ, ઉગ્ર પ્રકાશ, વાંધાજનક ગંધ ઉત્પન્ન કરવાનો ગુનો કરે,અથવા કોઈ પણ બીજો ઉપયોગ જેને ધૃણાજનક કે આક્રમક ધંધો, વ્યવસાય કે ઉત્પાદન ગણી શકાય.

(iii) મસાજ અથવા શરીર ચોળવાનું પાર્લર.

2. ગૃહ વ્યવસાય તરીકે એક ઓફિસ કોઈ પણ રહેઠાણ એકમમાં નીચે મુજબની જરૂરિયાતો અને પ્રતિબંધો પર આધારિત ચાલુ રાખી શકાય:

(a) એકથી વધુ ઓફિસ ની પરવાનગી એકમમાં મળશે નહીં;

(b) આવી ઓફિસ સ્વાસ્થ્ય સંભાળનો વ્યવસાય કરનાર માટેની ઓફિસ નહીં હશે જેમકે દાક્તર, ડેન્ટીસ્ટ, ફીઝીઓથેરાપીસ્ટ, મેસ્યુસ એટલે કે માલિશ કરનાર. કાઈરોપ્રેક્ટર, સાઈકિએટ્રિસ્ટ, એક્સ-રે અથવા અલ્ટ્રાસાઉન્ડ ઓપરેટર, વગેરે માટેની ઓફિસ;

(c) એવા પ્રકારની ઓફિસ હશે કે જેમાં કોઈ પણ સમયે એકથી વધુ મુલાકાતી નહીં હશે;

(d) ઓફિસ ને સમર્પિત કૂલ વિસ્તાર ૧૫ ચોરસ મિટર કરતાં વધશે નહીં;

(e) તે ફક્ત રહેઠાણનો કબજો ભોગવનાર કે ત્યાં રહેતા તેના પરિવારના સભ્યો દ્વારા જ ચલાવાતી હોય અને મકાનની જમીન પર ઓફિસ ને લગતો અન્ય કોઈ કર્મચારી નહીં હોય;

(f) કોઈ બાહ્ય નિશાનીની પરવાનગી મળશે નહીં;

(g) એ સ્થળ પર કોઈ સામાન, માલ કે વેચાઉ માલ, અપાતો કે વેચાણ માટે પ્રદર્શિત થતો અથવા વેચાતો કે વેચાણ માટે મૂકાતો નથી;

(h) એક ઓફિસ, જે તેની ક્રિયાની પ્રકૃતિથી ઉપદ્રવ ઉત્પન્ન કરે કે બનવાને જવાબદાર હોય અથવા અવાજ ઉત્પન્ન કરીને કંપન થી અથવા વાંધાજનક ગંધ ને લીધે આક્રમક હોય, કે ધૃણાજનક કે આક્રમક ધંધો અથવા વેપાર હોય તેને પરવાનગી મળશે નહીં.

**Home Occupations ગૃહ વ્યવસાયની ઝોનિંગ જરૂરિયાતો વિષે વધારાની માહીતિ માટે City of Brampton's Zoning Department સીટી ઓફ બ્રેમટન ના ઝોનિંગ ડિપાર્ટમેન્ટનો 905-874-2090 પર સંપર્ક કરો.**